જેને પોતાના આત્મગૌરવનું ભાન છે તે કોઇ ચીજ મફત મેળવવાને બદલે પોતાના પૌરુષથી મેળવવાની ખેવના રાખે છે
- સ્વામી રામતીર્થ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૦ | ૨૧ માર્ચ, ૨૦૧૫, શનિવાર ; ચૈત્ર સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## શહેરમાં ઉનાળાનો વિધિવત પ્રારંભ

### સરકારી કચેરીઓ અને ઘરોમાં પંખા ફુલ સ્પીડે ફરવા માંડ્યા : આઈસ્ક્રીમ-કોલ્ડ ડ્રિક્સનું વેચાણ વધ્યુ

ગાંધીનગર, તા. ૨૦

દિવસ દરમ્યાન પડી રહેલો આકરો તડકો અને તે સાથે જ ઉંચે ચઢતુ જતુ તાપમાન ઉનાળાની વિધિવત શરૂઆતની ચાડી ખાઈ રહ્યા છે. છેલ્લા કેટલાય દિવસોથી મહત્તમ તાપમાન સતત ઉંચુ જઈ રહ્યું છે. આજે લઘુત્તમ તાપમાન ૨૦.૫ ડિ.સે. અને મહત્તમ તાપમાન ૩૭.૦ ડિ.સે. સુધી પહોંચી ગયું છે.

ગાંધીનગરમાં ઉનાળાએ હવે ધીમે ધીમે જોર પકડ્યું છે. મહત્તમ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. ગયા અઠવાડિયે માવઠાનું વાતાવરણ રહ્યા બાદ થોડાક દિવસ ઠંડક અનુભવાઈ હતી. લઘુત્તમ તાપમાન ૧૪-૧૫ ડિગ્રી જેટલું અનુભવાયુ હતુ. જેના કારણે રાત્રે ઠંડકનો અનુભવ થતો હતો. હવે બે-ચાર દિવસથી વાતાવરણમાંથી ઠંડક ગાયબ થઈ ગઈ છે. આકાશમાંથી વાદળો ગાયબ થઈ જતાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. દિવસ દરમ્યાન ખુબ આકરો તડકો પડે છે જેના કારણે ગરમીનો અનુભવ થાય છે. ઉનાળાનો હવે પ્રારંભ થઈ ગયો હોય તેવું લાગી રહ્યું છે. સરકારી કચેરીઓ અને ઘરોમાં પંખાની સ્પીડ વધી ગઈ છે. ક્યાંક એ.સી.નો ઉપયોગ પણ શરૂ થઈ ચુક્યો છે. રાત્રે ખુશનુમા વાતાવરણનો અનુભવ થતાં વસાહતીઓની સંખ્યા બગીચાઓમાં અને ખાણી-પીણીની દુકાનો પર વધવા માંડી છે. તેમાંય સોડા, આઈસ્ક્રીમ અને કોલ્ડડ્રીક્સનું વેચાણ વધ્યું છે. છાશ-દહીં જેવી ઠંડક આપતી ચીજવસ્તુઓનો ઉપાડ વધ્યો છે. શેરડીના કોલા ઠેર-ઠેર શરૂ થઈ ચુક્યા છે. જ્યાં મોડી રાત સુધી ભીડ જોવા મળી રહી છે.

## આજે ગાંધીનગરમાં યુવા પ્રતિભા પુરસ્કાર સમારોહ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ, શનિવાર ૨૧ માર્ચે સવારે ગાંધીનગરમાં રાજયની ૧૧૦૧ ઉપરાંત યુવા પ્રતિભાને પ્રોત્સાહિત કરતા વિવિધ રૂા. ૮ કરોડ ૪૨ લાખના પુરસ્કારો એનાયત કરશે. ખેલકૂદ ક્ષેત્રના ૯૮ ખેલાડીઓને રૂા. ૧ કરોડ ૪૮ લાખ ના પુરસ્કારો, મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ પુરસ્કાર અંતર્ગત ૯૪૫ ઉપરાંત દિકરીઓને રૂા. ૬ કરોડથી અધિકના પુરસ્કારો તેમજ સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગની તથા સમાજ કલ્યાણની ઉચ્ચ અભ્યાસ સહાય તથા અન્ય યોજનાઓ માટે ૫૮ લાભાર્થીઓને રૂા. ૯૪.૫૦ લાખના પુરસ્કારો યુવા પ્રતિભાઓને આપશે.



ઉનાળાનો મિજાજ - ગરમીના પ્રારંભિક તબક્કામાં જ નગરની આસપાસ બોગનવેર પર લાલ ચટાક ફુલો ખીલ્યા છે... ગાંધીનગરના માર્ગોની શોભ બની રહેલા ફુલો નયનરમ્ય છે... આકરી ગરમીમાં શીતળતા આપે એવી લીલીછમ્મ બોગનવેલ પર ખીલેલા પુષ્પો આકર્ષણનું કેન્દ્ર બને છે... ગાંધીનગરના પ્રવેશદ્વારથી નગરના મોટાભાગના માર્ગો પર બોગનવેલ છવાયેલી છે... ગ્રીષ્મમાં તો ગાંધીનગર ફુલોની નગરી બની જાય છે... હજુ આવનારા દિવસોમાં ગુલમહોર અને ગરમાળાના ફુલોથી નગર શોભી ઉઠશે.... (તસવીર : દિપક જાની)

## પાટનગરના વિકાસ માટે ૧૯૮ કરોડની જોગવાઈ

### સચિવાલય જીમખાના ક્રિકેટ મેદાનને અઘતન બનાવવા ૨૫ કરોડ ખર્ચાશે : વિવિધ કેટેગરીના આવાસો બાંધવા પણ ૧૪૮ કરોડનો તોતિંગ ખર્ચ થશે

ગાંધીનગર, તા.૨૦

માર્ગ-મકાન વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ માટે પાટનગરમાં વિકાસના નવીન પ્રોજેક્ટોને ધ્યાને લઈ રૂ. ૧૯૮ કરોડના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં વિવિધ સેકટરોમાં કેટેગરી 'બી' અને 'સી' ટાઈપના કવાટર્સ બનાવવા ઉપરાંત સચિવાલય જીમખાનામાં ક્રિકેટ મેદાનને અઘતન બનાવવા પણ રૂ. ૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગરને સર્વાંગી વિકાસ સાથે અઘતન બનાવવા પાટનગર યોજના વિભાગ દ્વારા પાણી ગટરના માળખાગત સુવિધાના કામો ઉપરાંત લોકઉપયોગી અને વિકાસના નવા પ્રોજેકટો સંદર્ભે પણ કામો હાથ ધરવામાં આવ્યા છે. અગાઉ રાજયકક્ષાની બંધારણીય કચેરીઓ માટે રૂ. ૮૦ કરોડના ખર્ચે કર્મયોગી ભવન બાંધવામાં આવ્યું છે. આ ઉપરાંત જિલ્લા કક્ષાના નવા બિલ્ડીંગ તેમજ સચિવાલય સંકુલમાં પણ બ્લોકોની સુધારણાનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે. જયારે સ્વર્ણિમ પાર્કના ડ્રીમ પ્રોજેકટ ઉપરાંત મહાત્મા મંદિરના નિર્માણ સાથે સોલ્ટ માઉન્ટ ગાંધી ગાર્ડન, એમ્ફી થિયેટર તેમજ કમ્પાઉન્ડ વોલ અને પાર્કીંગ સહીતના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. મહાત્મા મંદિરમાં આર્ટ ઈન્સ્પેકશન માટે પણ ખર્ચની જોગવાઈ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## અંબાજી, ડાકોર, પાલીતાણાને જોડતા માર્ગોને ફોર લેન કરાશે

### ૧૪૦૦ કરોડની યોજના પાંચ વર્ષમાં પૂર્ણ કરાશે : વિધાનસભામાં માર્ગ-મકાન વિભાગની ૫૫૦૦ કરોડની માંગણીઓ મંજુર કરવામાં આવી


ગાંધીનગર, તા.૨૦

રાજયમાં આવેલા મહત્વના પવિત્ર યાત્રાધામો અંબાજી, ડાકોર, પાવાગઢ, પાલીતાણાની દર વર્ષ લાખો શ્રધ્ધાળુંઓ મુલાકાત લેતા હોય છે. તેમજ મોટી સંખ્યામાં પદયાત્રીઓ દ્વારા પણ યાત્રા કરવામાં આવે છે. આ પવિત્ર યાત્રાધામને જોડતાં મહત્વના રસ્તાઓનું ફોરલેન કરવાનું આયોજન છે. આશરે ૪૦૦ કિ.મી.ના રસ્તાના આ માર્ગોનો અંદાજીત ખર્ચ ૧૪૦૦ કરોડ જેવો થાય છે. આ કામગીરી પાંચ વર્ષમાં કરાશે. માર્ગ મકાન મંત્રી નીતિનભાઈ પટેલે ગુજરાત વિધાનસભામાં માર્ગ મકાન વિભાગની માંગણીઓ મંજૂર કરાવતા જણાવ્યું હતું કે રાજયના સર્વાંગી વિકાસમાં આ વિભાગ એક ચાવીરૂપ પરિબળ તરીકે કામ કરી રહ્યો છે. માર્ગ મકાન વિભાગ વિકાસમાં એક મહત્વનો ઉદ્દીપક બની રહેશે. આ વિભાગ સમગ્ર રાજયમાં ઉત્કૃષ્ઠ આંતરમાળખાકીય સુવિધાઓનું નિર્માણ કર્યું છે. ગત વર્ષના બજેટ કરતા ૭.૫૮ ટકાના વધારા સાથે એટલે કે કુલ ૫૫૦૦ કરોડનું બજેટનું આયોજન કરવામાં આવ્યું છે. રાજયના માળખાકીય સુવિધાની વિગતો રજૂ કરતાં મંત્રી નીતિનભાઈએ જણાવ્યું હતું કે, હાલ રાજયમાં ૩૩૮૩ કિ.મી ના ચાર-૬ માર્ગીય, ૪૨૦૮ કિ.મી ના ૧૦

● અનુસંધાન પાન-૭ પર

આજની પાવન પ્રભાતે...
ચોત્રીસમા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે
ડો. રાજેશ શાહને
(એમ.ડી.ડી.જી.ઓ.)
રાજ મેટરનીટી હોમ
પ્લોટ નં. ૧૦૪૫, સેકટર-૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૨૩૧૪, (મો) ૯૯૨૫૦ ૦૮૬૩૦
હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ
જયોતિન્દ્ર વ્યાસ કૃષ્ણકાન્ત જહા પ્રકાશ લાલા
એચ. કે. પટેલ મહેન્દ્ર ગજ્જર હિરેન ભટ્ટ
ડો. પિયુષ દવે
અને ગાંધીનગર કલ્ચરલ ફોરમ પરિવાર

Hydraid BioSand Water Filter
Safe Water For Million
શુધ્ધ જળ સ્વસ્થ તન નિર્મળ જીવન
Shuddh Jal





બેક્ટેરીયા, વાઈરસ, પેરેસાઈટસ જેવી અશુદ્ધિઓ પાણી માથી દુર કરે છે.
Hydraid® BioSand વોટર ફિલ્ટર ના ટેકનીકલ લક્ષણો
• ઈલેક્ટ્રી સીટી, બેટરી કે મુવેબલ પાર્ટસ વગર કાર્યરત.
• ઉંચાઈ : ૩૦.૫" - પોહળાઈ : ૧૬.૫"
• વજન : ૩.૬ કે.જી. (ખાલી), ૬૩.૫૦ કે.જી. (ભરેલ)
• એફડીએ દ્વારા પ્રમાણિત યુ.વી. અવરોધક પ્લાસ્ટીક બોડી
• પ્રતિ કલાકે ૪૭ લીટર પાણી (સમયાંતરે) શુધ્ધ કરે.
• ઘર ઉપયોગી, "પોઈન્ટ - ઓફ - યુસ" (પી.ઓ.યુ.)
• તેનો વપરાશ ૧૦ વર્ષ થી પણ વધુ કરી શકો છો.
• ૮ થી ૧૦ વ્યક્તિના કુટુંબ માટે જરૂરિયાત પુરી કરનાર.
• એક વર્ષની મર્યાદીત વોરંટી, ટોપ રેન્કેડ ટેકનોલોજી
• કાર્યરત કરવાનો સમય : ૨૦ મીનીટ, પાવર સોર્સ : ગ્રેવીટી





સીલીકોનયુક્ત મીનરલ જળ ના ફાયદાઓ :
• વજન ઘટાડે છે.
• હાડકાની મજબુતાઈ વધારે છે.
• આલ્ઝાઈમરને ઘટાડે છે.
• એલડીએલ કોલેસ્ટ્રોલ ઘટાડે છે.
• પાચનશક્તિ સુધારે છે.
MADHAV MICROTECH PVT. LTD.
"Bringing Technology & People together"
TRIPLE QUEST
a partnership of cascade engineering and the windquest group
સંપર્ક : પ્રત્યક્ષ નિદર્શન / બુકીંગ / ડીલરશીપ માટે સંપર્ક

## ચેટીચાંદ પર્વે મુખ્યમંત્રીની હાર્દિક શુભકામનાઓ

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજયના સૌ સિંધી પરિવારો-નાગરિક ભાઈ-બહેનોને તેમના નૂતનવર્ષ ચેટીચાંદની હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

શ્રીમતી આનંદીબહેને નવું વર્ષ સર્વાંગી ગતિ-પ્રગતિ અને સામાજીક સમરસતા સાથે શુભકારી નિવડે તેવી શુભકામનાઓ આપી છે.

મળશે નહી
ગાંધીનગરના પ્રખ્યાત
કાન, નાક, ગળા સર્જન
ડો. યશવંત છાટબાર
સેક્ટર-૧૭, ગાંધીનગર
નેશનલ લેસર સર્જરી કોન્ફરન્સમાં લેક્ચર આપવા જતા હોવાથી તા. ૨૦, ૨૧, ૨૨ માર્ચ, ૨૦૧૫ સુધી મળી શકશે નહી.

લગ્ન વિષયક-વણકર
કોમ્પ્યુટર એન્જિનિયર, બેંકમાં સર્વિસ, જ.તા. ૨૦/૧૧/૮૬, ૫'-૬'', દેખાવડા વણકર યુવક માટે સમકક્ષ વણકર યુવતિઓના વાલીઓ સંપર્ક કરે.
જાહેરાત ફક્ત યોગ્ય પસંદગી માટે જ.
મો. નં. ૯૯૯૮૨ ૨૯૧૫૯
ટે. નં. ૦૭૯-૨૫૮૫૫૨૫૭

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬

॥ શ્રી ગણેશાય નમ : ॥
પધારો ...... પધારો ઐઠોર .... શ્રી ગણપતિદાદાના લોકમેળામાં...
ઐઠોર મુકામે શ્રી ગણપતિ દાદાનો ભવ્ય લોકમેળો





ઊંઝા નજીકના ઐઠોર ગામે શ્રી ગણપતિ દાદાના મંદિરે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ચૈત્ર સુદ-૩-૪-૫ તારીખ ૨૨/૩/૨૦૧૫ રવિવાર થી તા.૨૪/૩/૨૦૧૫ મંગળવાર સુધી પરંપરાગત રીતે ભવ્ય લોકમેળો યોજાશે.
આ લોકમેળામાં તા.૨૩/૩/૨૦૧૫ સોમવારના રોજ ચૈત્ર સુદ ૪ સાંજે ૫:૦૦ કલાકે માનવ જીવનને સ્પર્શતું વર્ષફળ(શુકન) જોવાશે અને ત્રણેય દિવસ રાત્રે ભવાઈનો કાર્યક્રમ થશે.
સમગ્ર દેશભરમાં ઐઠોર ખાતે આવેલ શ્રી ગણપતિ દાદાનું મંદિર પ્રસિધ્ધ યાત્રાસ્થળ છે. અહીં દૂર દૂરથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તજનો દર્શનાર્થે પધારે છે. વર્ષોપુરાણા આ મંદિરમાં ગણપતિ દાદાની મૂર્તિ કોઈ આરસ કે ધાતુમાંથી નહી પરંતુ રેણું(માટી) માંથી બનેલ છે. જેની સ્થાપના દેવાધિદેવના હસ્તક થયેલ છે. આ દિવ્ય મૂર્તિ ઉપર ઘી તથા સિંદૂરનો લેપ ચઢે છે. આ ચમત્કારીક મૂર્તિ જોવાલાયક તથા મનમોહક લાગે છે. દાદાની આ મૂર્તિના દર્શન અને શ્રધ્ધાથી ભક્તોની મનોકામના પરિપૂર્ણ થાય છે. તો આ લોકમેળામાં પધારવા ભાવિક ભક્તજનોને ભાવભીનુ હાર્દિક નિમંત્રણ છે.
નોંધ :- આ લોકમેળામાં બહારથી આવનાર યાત્રાળુઓની સુવિધા માટે એસ.ટી.તંત્ર દ્વારા ઊંઝા, મહેસાણા,વિસનગર થી ઐઠોર આવવા જવા માટે એક્સ્ટ્રા બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. ઊંઝાથી ૫ (પાંચ) કિ.મી.ના અંતરે વિસનગર રોડ ઉપર ઐઠોર ગામ આવેલ છે.
લિ.શ્રી ગણપતિ મંદિર સંસ્થા,ઐઠોર તા.ઊંઝા
ફોન(૦૨૭૬૭) ૨૫૩૫૫૫,૩૨૪૬૧૪ Web: WWW.shreeaithoraganesh.org